Saturday
21.11.2026
✳Volume :11 ✳ Issue No.140
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM
Daily

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

મુખ્યમંત્રીશ્રીએ પાટા ડુંગરી ખાતે ઠક્કરબાપા સરોવરની મુલાકાત લઈ જળસંગ્રહ અને વિતરણ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું

મુખ્યમંત્રીશ્રીએ માછીમારો સાથે સંવાદ કરી રોજગાર શિક્ષણ વેપાર સહિતની ચર્ચા કરી



કમલમ્,

દાહોદ જિલ્લાના ત્રિદિવસીય પ્રવાસના ત્રીજા દિવસે સવારે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગરબાડા તાલુકાના પાટા ડુંગરી ખાતે આવેલા ઠક્કરબાપા સરોવરની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે સરોવરના વિસ્તાર, જળસંગ્રહની ક્ષમતા, પાણીના જથ્થા અને પાણી વિતરણની વ્યવસ્થાની જાણકારી મેળવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ પાટા ડુંગરી ખાતે આવેલી નીર વાટિકામાં વડના છોડનું વાવેતર કરી પર્યાવરણ સંરક્ષણ અને લીલી હરિયાળીના સંવર્ધનનો સંદેશ આપ્યો હતો. સરોવરની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ સ્થાનિક માછીમારો સાથે સંવાદ કર્યો હતો. તેમણે માછીમારોની રોજિંદી કામગીરી, માછીમારીના વ્યવસાય, તેમના બાળકોના શિક્ષણ, રોજગારી , આવક અને વેપાર સંબંધિત વિવિધ બાબતોની ચર્ચા કરી હતી.

ગરબાડા તાલુકા પંચાયતમાં જનસુનાવણીમાં નાગરિક રજૂઆતો મુખ્યમંત્રીશ્રીએ સાંભળી



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ આદિજાતી વિસ્તાર ગરબાડા દાહોદની ૭૨ કલાકની મુલાકાતે છે. મુખ્યમંત્રીશ્રીએ તેમના પ્રવાસના બીજા દિવસે ધાનપુર તાલુકામાં આવેલા રતનમહાલ પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી. રતનમહાલમાં વન વિભાગના હોલમાં જિલ્લાના અમલીકરણ અધિકારીઓ સાથે એક ટૂંકી બેઠક યોજીને તેમણે જિલ્લાના વિવિધ વિકાસકામોની પ્રગતિ તથા આયોજનની સમીક્ષા હાથ ધરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગરબાડા તાલુકા પંચાયત ક્યેરીની મુલાકાત પણ લીધી હતી. અને જન સુનાવણી અંતર્ગત સ્થાનિક નાગરિકોની રજૂઆતો સાંભળી હતી તથા તંત્ર વાહકોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે આ દરમિયાન જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં રાજ્યના અંતરિયાળ આદિજાતિ વિસ્તારો સુધી મુળભૂત જરૂરિયાતો સાથે કલ્યાણ યોજનાઓ અને વિકાસ કામોના લાભો સુપેરે પહોંચ્યાં છે. આદિજાતિ વિસ્તારોમાં આ યોજનાકીય લાભો પહોંચવાથી શિક્ષણ, આરોગ્ય, મહિલા સશક્તિકરણ વગેરે ક્ષેત્રે મોટું પરિવર્તન આવ્યુ છે અને અંતરિયાળ વિસ્તારોના છેવાડાના લોકો વિકાસની મુખ્યધારામાં આવ્યાં છે. આ વેળાએ મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે,પ્રભારી સચિવ શ્રી વિજય ખરાડી, દાહોદ જિલ્લા કલેક્ટર સુશ્રી સુરભી ગૌતમ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરેન બારોટ અને વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રતનમહાલના જંગલ વચ્ચે આવેલા પ્રાચીન બાબાદેવના સ્થાનકે દર્શન કરી આશીર્વાદ મેળવ્યા

આદિવાસી સમાજની લોકઆસ્થા અને પરંપરાનું પ્રતીક છે બાબાદેવનું સ્થાનક

કમલમ્,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દાહોદ જિલ્લાની ત્રિદિવસીય મુલાકાતના બીજા દિવસે ધાનપુર તાલુકાના રતનમહાલના ગાઢ જંગલની વચ્ચે આવેલા ભુવરો ગામના પ્રાચીન બાબાદેવના સ્થાનકે પહોંચીને શ્રદ્ધાપૂર્વક દર્શન કર્યા હતા અને આશીર્વાદ મેળવ્યા હતા. બાબાદેવનું આ સ્થાનક આદિવાસી સમાજની ધાર્મિક આસ્થા, પરંપરા અને સંસ્કૃતિનું પ્રતીક છે. અહીં વર્ષોથી આદિવાસી સમાજ દ્વારા બાબાદેવની પૂજા-અર્ચના કરવામાં આવે છે. દર વર્ષે અખાત્રીજ અને મહાશિવરાત્રિના પર્વે અહીં મોટા મેળાનું આયોજન થાય છે. જ્યારે શ્રાવણ માસ દરમિયાન દર સોમવારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે ઉમટી પડે છે. આદિવાસી સમાજમાં બાબાદેવને ગામના રક્ષક અને સુખાકારીના દેવ તરીકે પૂજવામાં આવે છે. ગામ અને પરિવારની સુખાકારી, સારા વરસાદ અને ખેતીમાં સમૃદ્ધિ માટે ભક્તો બાબાદેવની પ્રાર્થના કરે છે. માનતા અને બાધા રાખવાની પરંપરા પણ અહીં જોવા મળે છે. ભુવરો ગામના પૂજારી શ્રી સોમાભાઈ ડામોર છેલ્લા ૨૫ વર્ષથી બાબાદેવની નિયમિત પૂજા-અર્ચના કરી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રી મંદિરે દર્શને પહોંચ્યા ત્યારે તેમણે પૂજા કરી બાબાદેવના લોકઆસ્થાના મહત્વ વિશે માહિતી આપી હતી. રતનમહાલના જંગલ વિસ્તારમાં આવેલા ભૂવરો ગામના બાબાદેવ મંદિર ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગ્રામજનો સાથે જમીન પર સાદગીપૂર્વક બેસીને સંવાદ કર્યો હતો. આ દરમિયાન તેમણે ગ્રામજનોની વાતો સાંભળી, તેમના સ્થાનિક પ્રશ્નો સાંભળ્યા હતા સાથે સખી મંડળની બહેનો દ્વારા લાગવેલ સ્ટોલની મુલાકાત લઈ સંવાદ કર્યો જેમાં પ્રાકૃતિક ખેતી, ખજૂરીના પાન માંથી બનાવેલ છાબડી, હર્બલ સાબુ, તીર કમાન જેવી બનાવટો પ્રદર્શિત કરવામાં આવી હતી.



રતનમહાલથી ગરબાડા જતાં મુખ્યમંત્રીશ્રી પીપર ગોટાના આદિજાતિ ખેડૂતના ઘરે ઓચિંતા જ પહોંચીગયા

ખેતીવાડી – બાળકોના અભ્યાસ અને પરિવારની આજીવીકા અંગે સંવેદનાપૂર્ણ વાર્તાલાપ કર્યા



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ આદિજાતિ વિસ્તાર ગરબાડાની મુલાકાતના બીજા દિવસે એક અદના આદિજાતિ ખેડૂતના ઘરે સાવ અચાનક જ જઈ પહોંચ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ રતનમહાલ પ્રોજેક્ટની મૂલાકાત લઈને ગરબાડા જવાના રૂટમાં આવતા પીપર ગોટા ગામે ઓચિંતી જ કાર થોભાવી દીધી હતી અને આ નાનકડા આદિવાસી ગામના કાચા રસ્તા ખૂંદતા મુખ્યમંત્રીશ્રી આદિજાતિ ખેડૂત બકુલભાઈ વાખળાના ઘરે પહોંચ્યા હતા. એટલુ જ નહિ, તેમણે બકુલભાઈ અને પરિવાર સાથે મકાઈની ખેતી તથા આજીવિકા અંગે વાતચીત કરીને વિગતો મેળવી હતી. પરિવારના બાળક સાથે પણ વડિલ વાત્સલ્યભાવથી મુખ્યમંત્રીશ્રીએ તેના અભ્યાસ અને શાળા વિષે વાતચીત કરી હતી. પીપર ગોટા જેવા નાનકડા ગામના આદિવાસી કસબામાં મુખ્યમંત્રીશ્રીના આગમન અને શ્રી ભૂપેન્દ્ર પટેલની સાવ સાહજિક અને સરળ શૈલીથી આદિવાસી પરિવારોએ આપણા ભૂપેન્દ્ર દ્વારા આપણા ઘરે હાલ ચાલ પુછવા આવ્યા તેવી અદમ્ય લાગણી અનુભવી હતી.

વડનગરમાં ઐતિહાસિક તાના-રીરી મહોત્સવ ૨૦૨૬નો ભવ્ય પ્રારંભ: મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે કરાવ્યો શુભારંભ

સંગીત, સંસ્કાર અને સમર્પણની ગાથા: વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકાસ સાથે વિરાસત'ના સંકલ્પને વડનગરની ધરા પર મળ્યો વેગ



તાનારીરી મહોત્સવ એ મહેફિલ નહીં, પરંતુ સંગીતની આરાધના છે: ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ

કમલમ્,વડનગર

ઐતિહાસિક વડનગરની પવિત્ર ભૂમિ પર ભારતીય સંસ્કૃતિના ૨૦૦૦ વર્ષ જૂના વારસાને ઉજાગર કરતા બે દિવસીય 'તાના-રીરી મહોત્સવ-૨૦૨૬'નો ૧૯ નવેમ્બર ના રોજ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને મહેસાણા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ મહોત્સવ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકાસ સાથે વિરાસત'ના મંત્રને ચરિતાર્થ કરી રહ્યો છે. આ મહોત્સવ દ્વારા સંગીત જગતના કલાકારોને પ્રોત્સાહન આપવાની સાથે સાથે વડનગરના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વને વૈશ્વિક સ્તરે નવી ઓળખ મળી રહી છે. આ પ્રસંગે ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, તાના-રીરી મહોત્સવ એ કોઈ મહેફિલ નથી, પરંતુ તે સંગીતની અનન્ય આરાધના છે. ભારતીય શાસ્ત્રીય સંગીતમાં એવી તાકાત છે જે મનુષ્યના આત્માને ઝંઝોડીને તેને આત્મનાદ થી બ્રહ્મનાદ સુધી પહોંચાડે છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, જગદીશચંદ્ર બોઝે પણ વિજ્ઞાનના માધ્યમથી સાબિત કર્યું હતું કે વનસ્પતિ અને વૃક્ષોમાં પણ જીવ હોય છે અને સંગીત દ્વારા તેની પ્રતીતિ કરાવી શકાય છે. આ મહોત્સવ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિનું પરિણામ છે, જેમણે કલાકારોને ઉચિત મંચ અને સન્માન આપવાની નવી દિશા કંડારી છે. મંત્રીશ્રીએ તાના અને રીરીના ઐતિહાસિક બલિદાનને યાદ કરતા કહ્યું હતું કે, ભક્ત કવિ નરસિંહ મહતાની દોહિત્રી શર્મિષ્ઠાની આ બંને પુત્રીઓ સંસ્કાર, સ્વાભિમાન અને સમર્પણની અજોડ પ્રતિમા હતી. સંગીત સમ્રાટ તાનસેનના દીપક રાગથી ઉત્પન્ન થયેલા દાહને શાંત કરવા માટે તેમણે મલ્હાર રાગ છેડ્યો હતો. કલાની મર્યાદા અને પવિત્રતા જાળવવા માટે તેમણે આપેલું આત્મબલિદાન આજે પણ સંગીત પ્રેમીઓ માટે પ્રેરણા સ્રોત છે. બુદ્ધકાળ અને સોલંકી યુગના વૈભવને સાચવીને બેઠેલા વડનગર માટે આ મહોત્સવ સંગીત જગતની એક અનોખી ભેટ છે. મહોત્સવના પ્રથમ દિવસે શાસ્ત્રીય સંગીતના દિગ્ગજ કલાકારોની પ્રસ્તુતિએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. જેમાં કુમારી સૂર્યા ગાયત્રીએ પોતાના શાસ્ત્રીય ગાયનથી વાતાવરણમાં ભક્તિભાવ રેલાવ્યો હતો. પદ્મશ્રી પંડિત તેજેન્દ્ર નારાયણ અને વિદ્વાન કુમારેશ રાજગોપાલને શાસ્ત્રીય યુગલવાદન દ્વારા સંગીતની ભવ્યતાના દર્શન કરાવ્યા હતા, જ્યારે શ્રી હાર્દિક દવેએ લોકગીતોની સુમધુર રજૂઆતથી વડનગરને સંગીતમય બનાવી દીધું હતું. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આ મહોત્સવની શરૂઆત કરાવી હતી અને વર્ષ ૨૦૧૦થી વિશિષ્ટ કલાકારોને 'તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ' આપવાની પરંપરા શરૂ કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ શ્રી યોગેશ બી.નિરગુડેએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમજ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ શ્રી એ.યુ.મકવાએ આભાર વિધિ કરી હતી. તાનારીરી મહોત્સવના શુભારંભ પ્રસંગે ઉંઝા ધારાસભ્ય શ્રી કિરીટભાઈ પટેલ, ખેરાલુ ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી, મહેસાણા ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ, અગ્રણી સર્વે શ્રી ગિરીશભાઈ રાજગોર, શ્રી જયરાજસિંહ પરમાર, જિલ્લા કલેક્ટર ડૉ. હર્ષિત પી. ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષિલ મીણા, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી રમેશભાઈ મેરજા, નિવાસી અધિક કલેક્ટર શ્રી મયંક પટેલ, અખિલ ભારતીય નાગર પરિષદના જલ્પાબેન દેસાઈ અને ગૌરાંગભાઈ વોરા તેમજ અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં સંગીત પ્રેમી લોકો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી.....

કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ડ્રાફ્ટ ગેઝેટ નોટિફિકેશન GS.R.નં 987(E) તારીખ ૨ નવેમ્બર, ૨૦૨૬ દ્વારા ડ્રગ્સ રુલ્સ, ૧૯૪૫માં સુધારા કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેથી ફોર્મ્યુલેશન માટેની હાલની લાયસન્સિંગ જોગવાઈઓથી અલગ, જથ્થાબંધ દવાઓ (સક્રિય અથવા નિષ્ક્રિય જથ્થાબંધ પદાર્થો) ના વેચાણ માટે એક અલગ ગઅરજી ફોર્મ (ફોર્મ 19-BC) અને લાયસન્સ ફોર્મ (ફોર્મ 20-BC) રજૂ કરી શકાય. હાલમાં, એક સામાન્ય લાયસન્સ ફોર્મ્યુલેશન અને જથ્થાબંધ દવાઓ બંનેના જથ્થાબંધ વેચાણને આવરી લે છે. સૂચિત સુધારો બલ્ક ડ્રગ્સ માટે સમર્પિત લાયસન્સિંગ માળખું સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે, જે તેમના જથ્થાબંધ વેચાણ પર વધુ કેન્દ્રિત નિયમનકારી દેખરેખ અને ફાર્માસ્યુટિકલ સપ્લાય ચેઇનમાં વધુ જવાબદારીને સક્ષમ બનાવે છે. આ પ્રસ્તાવ પર ૧૭ નવેમ્બર ૨૦૨૫ ના રોજ યોજાયેલી ડ્રગ્સ કન્સલ્ટેટિવ કમિટી (DCC) ની ૬૭મી બેઠકમાં અને ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ યોજાયેલી ડ્રગ્સ ટેકનિકલ એડવાઇઝરી બોર્ડ (DTAB) ની ૯૩મી બેઠકમાં સંમતિ આપવામાં આવી હતી. સૂચિત માળખા હેઠળ, લાયસન્સમાં જથ્થાબંધ વેપારીઓ દ્વારા હેન્ડલ કરવામાં આવતી બલ્ક ડ્રગ્સની શ્રેણીઓનો સમાવેશ થશે, જેમાં નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સિસ (NDPS) એક્ટ, ૧૯૮૫ હેઠળ આવરી લેવામાં આવેલી દવાઓનો પણ સમાવેશ થાય છે. બલ્ક ડ્રગ્સનું વેચાણ સક્ષમ વ્યક્તિની વ્યક્તિગત દેખરેખ હેઠળ કરવામાં આવશે, જેનાથી તેમના વિતરણ અને સંચાલનમાં જવાબદારી વધુ મજબૂત બનશે.

અમલીકરણ થવા પર, સૂચિત સુધારો:

- જથ્થાબંધ વેચાણ દ્વારા બલ્ક ડ્રગ્સના વેચાણ પર બહેતર નિયંત્રણ આપશે.
- એન્ટિમાઇક્રોબાયલ રેઝિસ્ટન્સ અને NDPS દવાઓની લેન્ડર્સ ના સંબંધમાં અમલીકરણ નિયંત્રણને મજબૂત બનાવશે.
- જથ્થાબંધ દવાઓના જથ્થાબંધ વેપારીઓને વેચાણ માટે અલગ લાયસન્સ મેળવવાની જરૂર રહેશે.

સુધારેલી લાયસન્સિંગ આવશ્યકતાઓમાં સંક્રમણને સરળ બનાવવા માટે, હાલના લાયસન્સધારકોને નવી જોગવાઈઓનું પાલન કરવા માટે પૂરતો સમય આપવા માં આવશે. આ આવશ્યકતાઓ તેમના વર્તમાન રીટેશન સમયગાળાની સમાપ્તિ પર અથવા સુધારાના અંતિમ પ્રકાશનના ૧૨ મહિના પછી, બેમાંથી જે પાછળથી હોય તે તારીખથી તેમને લાગુ પડશે. હિતધારકો અને જાહેર જનતાને ડ્રાફ્ટ નિયમો ધરાવતા ગેઝેટની નકલો જનતા માટે ઉપલબ્ધ કરવવામાં આવેતે તારીખથી ૩૦ દિવસની અંદર તેમના વાંધાઓ અને સૂચનો, જો કોઈ હોય તો, અંડર સેક્રેટરી (ડ્રગ્સ), સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર, U-6, વર્ક હોલ, C વિંગ, પ્રથમ માળ, કર્તવ્ય ભવન-૧, નવી દિલ્હી–૧૧૦૦૦૧ ખાતે અથવા drugsdiv-mohfw[at]gov[dO]in પર ઈમેઈલ દ્વારા સબમિટ કરવા આમંત્રણ આપવામાં આવે છે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં જેબીએમ ગ્રુપ દ્વારા સીએસઆર સંમેલન 'સર્વોત્કર્ષ: સૌનો વિકાસ' કાર્યક્રમ યોજાયો

વૈજ્ઞાનિક પ્રગતિ સાથે ભારતીય વૈદિક સંસ્કૃતિ અને સેવાભાવનો સમન્વય એ જ સાચો વિકાસઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી







નીલ ફાઉન્ડેશન જેબીએમ ગ્રુપની સામાજિક, માનવતાવાદી અને ઔદ્યોગિક પહેલોની રાજ્યપાલશ્રી દ્વારા સરાહના કરાઈ

કમલમ્,

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં જેબીએમ ગ્રુપ દ્વારા સીએસઆર સંમેલન 'સર્વોત્કર્ષ: સૌનો વિકાસ' કાર્યક્રમ યોજાયો હતો. આ તકે રાજ્યપાલશ્રીના હસ્તે જેબીએમ ગ્રુપના નવા ઔદ્યોગિક પ્લાન્ટનું ઉદ્ઘાટન અને અન્ય ૬ પ્રકલ્પોનું શિલા ન્યાસ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આપણામાં તો સો કોઈ પોતીકાપણું જુએછે, પરંતુ મહાન વ્યક્તિઓ તે છેજે અન્યોમા પણ પોતીકાપણું જુએ છે. જેબીએમ ગ્રુપના ચેરમેન શ્રી એસ.કે. આર્યએ તેમના પરિવારે પોતાના જન્મદિવસને 'સમાજ સેવા દિવસ' બનાવીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉમેર્યું હતું કે, વિજ્ઞાન અને ટેક્નોલોજી થકી થયેલી ઔદ્યોગિક ક્રાંતિએ માનવ જીવનને સરળ બનાવ્યું છે અને કરોડો લોકોને રોજગારી આપી છે, પરંતુ જ્યારે આ આધુનિક વિકાસ સાથે ભારતીય વૈદિક મૂલ્યો, ઋષિ ચિંતન અને પરોપકારની ભાવના જોડાય છેત્યારે જ સુખદ સમાજનું નિર્માણ થાયછે. શ્રી આર્ય પરિવાર વર્ષોથી મહર્ષિ દયાનંદ સરસ્વતી અને આર્ય સમાજની વિચારધારા સાથે જોડાઈને વ્યસનમુક્ત જીવનશૈલી, ગૌસેવા, નૉર્થ-ઈસ્ટના રાજ્યોમાં વૈદિક શિક્ષણ સંસ્થાઓનું સંચાલન, એકજ દિવસમાં અંદાજે ૭,૦૦૦ યુનિટ રક્તદાન તેમજ ઠીકરીઓના સ્વાસ્થ્ય અને દિવ્યાંગજનોની સહાય જેવા પ્રશંસનીય કાર્યો કરી રહ્યો છે. આ સાથે રાજ્યપાલશ્રીએ નવા ઉદ્ઘાટિત થયેલા અને શિલા-ન્યાસ કરાયેલા ઔદ્યોગિક એકમો દેશને આત્મનિર્ભર અને 'વિકસિત ભારત' બનાવવાની દિશામા મહત્વપૂર્ણ યોગદાન આપશે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે જેબીએમ ગ્રુપના નવા પ્લાન્ટનું ઉદ્ઘાટન થવું તે ગુજરાતના ઔદ્યોગિક વિકાસ માટે ગૌરવની વાત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવામાં તેમજ ગુજરાતને ઓટોમોબાઈલહબ બનાવવામાં જેબીએમ ગ્રુપનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. આ ગ્રુપના ચેરમેન શ્રી એસ.કે. આર્યને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વડા પ્રધાનશ્રીની સેવાકીય પ્રણાલીને અનુસરીને જેબીએમ ગ્રુપ દ્વારા જન્મદિવસની ઉજવણી માટી પાર્ટીઓને બદલે ગુજરાત અને દેશભરના પ્લાન્ટ્સ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ, અનાજ વિતરણ' અને 'કપડા વિતરણ'જેવા સેવાયજ્ઞો થકી છવાડાના માનવીની ચિંતા કરીને કરવામાં આવી રહી છે, જે અત્યંત પ્રશંસનીય છે. આ અવસરે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત સંઘચાલક ડાં. ભરતભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્બોધનમાં આગામી ફેબ્રુઆરી માસમાં યોજાનાર ટ્રેડાની જનગણના અંગે વિશેષ અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, જનગણનાના ફોર્મમાં વ્યક્તિ જે ભાષાઓ જાણતી હોય તેવી ત્રણ ભાષાઓ દર્શાવવાની હોય છે, જેમાં પ્રથમ પોતાની માતૃભાષા અને બીજી જે પ્રદેશમાં રહેતા હોઈએ તેની સ્થાનિક ભાષા લખવી જોઈએ. વધુમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આપણે સૌ સનાતનીઓ રોજિંદા જીવનમાં અને પૂજા-પાઠમાં સંસ્કૃત મંત્રોનું ઉચ્ચારણ કરીએ છીએ, તથી નીજી ભાષા તરીકે કોઈપણ સંજોગ વિના 'સંસ્કૃત' ભાષાનો ઉલ્લેખ કરવા તેમણે ઉપસ્થિત સૌને આગ્રહપૂર્વક અપીલ કરી હતી. જેબીએમ ગ્રુપના ચેરમેન શ્રી એસ.કે. આર્યએ સ્વાગત પ્રવચન કરતા ગુજરાતની પાવન ભૂમિને નમન કર્યું હતું અને મહાપુરુષોની આ જન્મભૂમિ પર ગ્રુપનો સીએસઆર કાર્યક્રમ 'સર્વોત્કર્ષ' યોજવો તે અત્યંત ગૌરવની વાત છે તેમ જણાવ્યું હતું. ગુજરાત સાથેના ઐતિહાસિક અને આધ્યાત્મિક નાતાનેયાદ કરતા તેમણેટંકારા ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતીની જન્મજયંતિ, સરદાર પટેલની જન્મજયંતિને નવસારીના સુપા ખાતે સ્થપાયેલા ગુરુકુળનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ અને ગૌસંવર્ધન ક્ષેત્રે ક્રાંતિકારી કાર્ય થઈ રહ્યું છે, અને 'સબકા ઉત્કર્ષ'ના ધ્યેય સાથે જેબીએમ ગ્રુપ પણ 'નીલ ફાઉન્ડેશન' ના માધ્યમથી સમાજ કલ્યાણ, શિક્ષણ અને રક્તદાન જેવા સેવાકાર્યો થકી ગુજરાત અને રાષ્ટ્રના વિકાસમાં પોતાનું યોગદાન આપવા કટિબદ્ધ છે. અંતે ઉલ્લેખનીય છે કે, મહર્ષિ દયાનંદ સરસ્વતીના આદર્શોથી પ્રેરિત થઈને જેબીએમ ગ્રુપ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી અંતર્ગત સમાજના છેવાડાના માનવીના જીવનમાં નવી આશા અને પરિવર્તન લાવવા માટે સતત કાર્યરત છે. શિક્ષણ અને યુવા સશક્તિકરણના ક્ષેત્રે મેધાવી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને કૌશલ્ય વિકાસ દ્વારા યુવાનોને આત્મનિર્ભર બનાવવામાં આવ્યા છે. આર્ય સમાજની યુવા પાંખ સાથે મળીને સંસ્કૃતિ રક્ષણ, યોગ, મહિલા સશક્તિકરણ અને રમતગમતને પ્રોત્સાહન આપી જેબીએમ ગ્રુપ 'સશક્ત ભારત'ના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે. આ પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનું પરંપરાગત તિલક ક્રીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીએ ઔદ્યોગિક પ્લાન્ટ અને પ્રોડક્ટ ગેલેરીની મુલાકાત કરી નિરીક્ષણ કર્યું હતું. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ તપ પ્લાન્ટી મુલાકાત કરી હતી. અંત્ર

નાગરિક ઉડ્ડયન સચિવ ડૉ. કુલદીપ આર્યના હસ્તે 'IndiAirport Expo 2026' ની પાંચમી આવૃત્તિનો ગાંધીનગર ખાતે ભવ્ય શુભારંભ

ગુજરાતને એવિએશન અને પ્રવાસનનું વૈશ્વિક હબ બનાવવાનો રાજ્ય સરકારનો નિર્ધારઃ નાગરિક ઉડ્ડયન સચિવ ડો. કુલદીપ આર્ય









કમલમ્,

ભારતના ઉડ્ડયન અને એરપોર્ટ માળખાકીય ક્ષેત્રને નવી ઊંચાઈઓ પર લઈ જવાના હેતુથી, રાજ્યના પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન સચિવ ડૉ. કુલદીપ આર્યએ આજે ગાંધીનગરમાં **'IndiAirport Expo 2026'** ની પાંચમી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું હતું. તા. ૧૯ અને ૨૦ ડિસેમ્બર દરમિયાન યોજાનારા આ બે દિવસીય પ્રદર્શનનું આયોજન ગુજરાત સરકારના નાગરિકઉડ્ડયન વિભાગ અને ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ (GUJSAIL) ના વિશેષ સહયોગથી કરવામાં આવ્યું છે. આ પ્રસંગે રાજ્યના પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન સચિવ શ્રી કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, દિલ્હી ખાતે સફળતાપૂર્વક યોજાયેલી અગાઉની ચાર આવૃત્તિઓ બાદ, પ્રતિષ્ઠિત **'IndiAirport Expo 2026'** નું આ વર્ષે પ્રથમ વખત ગુજરાત ખાતે ગાંધીનગર સ્થિત હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં સિવિલ એવિએશન, એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રવાસન ક્ષેત્ર સાથે સંકળાયેલા દેશ-વિદેશના તમામ મુખ્ય સ્ટેકહોલ્ડર્સ મોટી સંખ્યામાં સહભાગી થયા છે, જે રાજ્યના ઉડ્ડયન અને પ્રવાસન વિકાસને નવી ગતિ આપશે. નાગરિકઉડ્ડયન સચિવ ડૉ. આર્યએ આયોજકોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, ભારતનું એવિએશન સેક્ટર ખૂબ જ ઝડપથી વિકસી રહ્યું છે અને કેન્દ્ર સરકારની 'ઉડાન' જેવી મહત્વાકાંક્ષી યોજનાઓના પરિણામે સામાન્ય નાગરિકોનું હવાઈ મુસાફરીનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. આજે ગુજરાત તેના મજબૂત ઔદ્યોગિક પાયા, આધુનિક લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વ્યૂહાત્મક ભૌગોલિક સ્થાનને પરિણામે ઉડ્ડયન ક્ષેત્રે વધુમાં વધુ આગળ વધી રહ્યું છે. સચિવ ડૉ. આર્યએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્યમાં પ્રાદેશિક એરપોર્ટ્સના વિસ્તરણની સાથે-સાથે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પ્રોજેક્ટ્સ પર પણ ઝડપથી કામગીરી ચાલી રહી છે, જ્યાં ટૂંક સમયમાં કાર્ગો સેવાઓ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, રાજ્યમાં બે નવા એરપોર્ટ વિકસાવવાનું આયોજન છે, જે હવાઈ જોડાણને વધુ મજબૂત બનાવશે. રાજ્યનાં સિવિલ એવિએશન વિભાગ અને **GUJSAIL** નોડલ એજન્સી તરીકે તમામ સ્ટેકહોલ્ડર્સ સાથે સંકલન સાધીને કાર્યરત છે, જેના પરિણામે આ ક્ષેત્રમાં રાજ્યના નીતિ-પ્રવાસન અને સમગ્ર એવિએશન ઈકોસિસ્ટમને નવો વેગ મળશે. આ એક્સ્પોના સફળ આયોજન અને ઉદ્યોગ-ક્ષેત્રોના બહોળા પ્રતિસાદને જોતા, આગામી વર્ષ પણ આ એક્ઝિબિશન ગુજરાતમાં જ યોજવાની પ્રબળ શક્યતા સચિવ ડૉ. આર્યએ વ્યક્ત કરી હતી. ગિફ્ટ સિટી-**IFSCA** ના ડેવલપમેન્ટ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. દીપેશ શાહે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૧ માં નિયમો લાગુ થયા ત્યારથી અત્યાર સુધીમાં ગિફ્ટ સિટી ખાતે ૪૦થી વધુ એરક્રાફ્ટ લેસર્સની નોંધણી થઈ ચૂકી છે. અહીંથી **IndiGo, Air India, Akasa Air** અને **SpiceJet** જેવી પ્રમુખ એરલાઈન્સના કુલ ૨૭૦થી વધારે વિમાનો લીઝ પર અપાયા છે. આટલું જ નહીં, વિયેતનામ જેવા આંતરરાષ્ટ્રીય બજારોમાં પણ અહીંથી હેલિકોપ્ટર લીઝ પર આપવામાં આવ્યા છે, જે ગિફ્ટ સિટીના વૈશ્વિક વિસ્તારનો પુરાવો છે. આ ગામી દાયકામાં ભારતીય એરલાઈન્સ દ્વારા ઓર્ડર કરાયેલા ૧,૫૦૦થી વધુ નવા વિમાનોના ફાઇનાન્સિંગ, લિઝિંગ અને વૈમાનિકોની જરૂરિયાતો પૂરી કરવા માટે ગિફ્ટ સિટી એક સક્ષમ વૈશ્વિક કેન્દ્ર બનીને ઉભર્યું છે. સમિટમાં 'પાર્ટનર કન્ટ્રી' તરીકે સામેલ હંગેરી એમ્બેસીના ઈકોનોમિક એન્ડ કોમર્શિયલ કાઉન્સેલર શ્રી લેવેન્ટે કાડોસએ કહ્યું હતું કે, 'હંગેરિયન એક્સપોર્ટ પ્રમોશન એજન્સી'-**HEPA** હેઠળ હંગેરીની પાંચ અગ્રણી કંપનીઓ આ એક્સ્પોમાં સહભાગી થઈ રહી છે. આ કંપનીઓ એરક્રાફ્ટ મેન્ટેનન્સ, એર ટ્રાફિક કંટ્રોલ, સેફ્ટી ટેકનોલોજી અને સેન્સર સિસ્ટમ્સ જેવા વિશિષ્ટ ક્ષેત્રોમાં વિશેષજ્ઞતા ધરાવે છે. હંગેરીને ભારતીય ઉદ્યોગો માટે 'યુરોપના પ્રવેશદ્વાર' સમાન ગણાવતા તેમણે બુડાપેસ્ટથી અમદાવાદ, દિલ્હી કે મુંબઈ વચ્ચે સીધી ફ્લાઇટ સેવા શરૂ થવાની અપેક્ષા વ્યક્ત કરી હતી. તેમના મતે, આ સીધી હવાઈ સેવાથી બંને દેશો વચ્ચેના વેપાર, પ્રવાસન અને ટેકનોલોજીકલ સહયોગને નવી ગતિ મળશે. આ અવસરે ગ્લોબલ અફેર્સ કેનેડાના સિનિયર ટ્રેડ કમિશનર શ્રી એન્ત્યુમહારાજે કેનેડાના વિનીપેગ શહેરનો દાખલો આપીને કહ્યું કે, મજબૂત પરિવહન વ્યવસ્થા અને કનેક્ટિવિટી કોઈપણ વિસ્તારને વૈશ્વિક વ્યાપારનું મહત્વપૂર્ણ કેન્દ્ર બનાવી શકે છે. વધુમાં તેમણે જણાવ્યું કે, કેનેડા વિશ્વનું ત્રીજું સૌથી મોટું એરોસ્પેસ ઉત્પાદન કેન્દ્ર છે, જ્યાં **Bombardier, Bell Textron, Airbus, P&W Canada, Pratt & Whitney, CAE** અને ૨૫૦૦ જેટલી જેવી અગ્રણી કંપનીઓ સંપૂર્ણ એરોસ્પેસ ઈકોસિસ્ટમ હેઠળ આશરે ૧૭૦ દેશોમાં નિકાસ કરે છે. ભારત અને વિશેષ કરીને ગુજરાતની ઝડપી આર્થિક પ્રગતિને બિરદાવતા, તેમણે કેનેડિયન પ્રતિનિધિમંડળની કંપનીઓ અને ભારતીય ઉદ્યોગો વચ્ચે ટેકનોલોજી, સંશોધન તેમજ સપ્લાય ચેઈન ક્ષેત્રે નવા જોડાણો કરવા માટે આમંત્રણ આપ્યું હતું. સુઝુકી મોટર કોર્પોરેશનના એક્ઝિક્યુટિવ જનરલ મેનેજર શ્રી મસાઓ કુજીતાનીએ એક પ્રેઝન્ટેશન દ્વારા કંપનીના જાપાનીઝ સિદ્ધાંત 'શો-શો-કંઈ-તાન' (નાનું, ઓછું હલકું, ટૂંકું અને સુંદર) પર આધારિત ચાર મુખ્ય નવીન પ્રોજેક્ટ્સની રજૂઆત કરી હતી. આ પ્રોજેક્ટ્સમાં મુસાફરોની સુગમ અવરજવર માટે ઓટોનોમસ 'ઉલાયડવેઝ', 'સ્કાયડ્રાઈવ' ના સહયોગથી વિકસાવવામાં આવી રહેલા ફ્રેમ્પ્લેસ 'ઈવીટોલ' ફ્લાઈંગ એરક્રાફ્ટ, એરપોર્ટ પર માલસામાનની હેરફેર અને સુરક્ષા સંભાળતા રોબોટ્સ માટે નું 'MITRA' ઈલેક્ટ્રિક પ્લેટફોર્મ તેમજ સમગ્ર એરપોર્ટ પરસિસ્ટમાંના રોબોટ્સનું સુરક્ષિત સંચાલન કરતી 'Mobilane' સિસ્ટમનો સમાવેશ થાય છે. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, આ અત્યાધુનિક ટેકનોલોજી આ છી જગ્યા અને આ છી ઊર્જાના વપરાશ સાથે એરપોર્ટની કાર્યક્ષમતામાં વધારો કરશે. કેન્યા એરવેઝના ચેરમેન શ્રી ડિ્રોનો કિટોનીએ જણાવ્યું હતું કે, એરલાઈન તેના વિસ્તરણના ભાગરૂપે નેરોબી અને અમદાવાદ વચ્ચે સીધી વિમાની સેવા શરૂ કરવા અંગે સક્રિયપણે વિચારણા કરી રહી છે. આ ઉપરાંત, આફ્રિકાની ૧.૫ અબજની વિશાળ વસ્તી અને વિપુલ કુદરતી સંસાધનોનો ઉલ્લેખ કરતાં તેમણે ભારત અને ગુજરાતના ઉદ્યોગોને આફ્રિકન બજાર સાથે જોડાવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે તેમણે આગામી ૨૭ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ કેન્યા એરવેઝની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થવા ના ભવ્ય અવસરે સહભાગી થવા માટે ઉપસ્થિત મહાનુભાવોને આમંત્રણ પણ પાઠવ્યું હતું. 'ધ એર કાર્ગો એક્સ્ચેન્જ એસોસિએશન ઓફ ઈન્ડિયા' ના પ્રમુખ શ્રી સમીર જે. શાહના જણાવ્યા અનુસાર, હાલમાં ગુજરાતનો મોટાભાગનો એરકાર્ગો મુંબઈ એરપોર્ટ પરથી મોકલવામાં આવે છે. જોકે, રાજ્ય સરકારનો સહકાર, આંતરરાષ્ટ્રીય એરલાઈન્સની સીધી ફ્લાઇટ કનેક્ટિવિટી અને ઉદ્યોગો વચ્ચેના સુચારુ સંકલનથી અમદાવાદ એરપોર્ટને મુંબઈના એક સક્ષમ વિકલ્પ અને દેશના અગ્રણી એર કાર્ગો હબ તરીકે વિકસાવી શકાય છે. વધુમાં, ભવિષ્યમાં ધોલેરા પણ એક અત્યાધુનિક કાર્ગો હબ તરીકે વિકસશે, જેમાં પીએમ ગતિ શક્તિ' અને 'ઝેશલ્યા સ્કિલ યુનિવર્સિટી' જેવા મહત્વના પ્રોજેક્ટ્સની ભૂમિકા ચાવીરૂપ રહેશે. આમ, રાજ્ય સરકારની યોગ્ય નીતિઓ અને પ્રોત્સાહન મળવાથી ગુજરાત અને અમદાવાદ એર કાર્ગો ક્ષેત્રે સમગ્ર દેશનું નેતૃત્વ કરવા માટે સંપૂર્ણ સક્ષમ છે, તેમ તેમણે ઉમેર્યું હતું. આ આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને સમિટમાં એરપોર્ટ ટેકનોલોજી, ઈન્ડસ્ટ્રિયલ એક્સ્ચર અને એવિએશન ક્ષેત્રના અત્યાધુનિક ઉપકરણો તેમજ નવીન સંશોધનોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સમિટની આ પાંચમી આવૃત્તિમાં દેશ-વિદેશની વિવિધ કંપનીઓએ સક્રિય સહભાગિતા નોંધાવીને ભારત અને વિશેષરૂપે ગુજરાતના એવિએશન ક્ષેત્રમાં રોકાણ તથા વ્યવસાયિક ભાગીદારીના નવા દ્વાર ખોલ્યા હતા. અંતે, આ સમિટ ભારતના એવિએશન માળખાને વૈશ્વિક ધરે વધુ સક્ષમ અને મજબૂત બનાવવાની દિશામાં એક નિર્ણાયક પગલું સાબિત થશે. આ પ્રસંગે **Radeecal Communications** ના સ્થાપક અને ઝઈ શ્રી સાન્યાલ ડેસાઈએ શાબ્દિક સ્વાગત કરીને સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ કાર્યક્રમમાં **'HDCC'** ના કો-ચેરમેન શ્રી માઈ કુલ જૈન સહિત વિવિધ ઉદ્યોગોના અગ્રણીઓ, નીતિ નિર્માતાઓ, ટેકનિકલ નિષ્ણાતો, પ્રતિનિધિઓ અને મુલાકાતીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેકસ ખાતે તૃતીય ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિન્ટન કલસ્ટર ૨૦૨૬-૨૭નો શાનદાર પ્રારંભ

રાજ્ય પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકના અધ્યક્ષસ્થાને ચોજાયો ટૂર્નામેન્ટનો ઉદ્ઘાટન સમારોહ



૧૦ કેન્દ્રીય પોલીસ સંગઠનો, ૨૪ રાજ્યો અને ૪ કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ ૩૮ ટીમો બેડમિન્ટન અને ટેબલ ટેનિસમાં કૌશલ્ય દાખવશે

-:શ્રી જી.એસ. મલિક, રાજ્ય પોલીસ વડા:-

- પોલીસ દળો વચ્ચે સંકલન, ટીમ ભાવના અને ઉત્સાહવર્ધન માટે આ પ્રકારની સ્પર્ધાઓ મહત્વની
- ટૂર્નામેન્ટમાં દેશભરના પોલીસ દળોની ટીમોની સહભાગિતા 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની વિભાવનાને જીવંત કરશે
- તણાવપૂર્ણ ફરજ વચ્ચે સ્પર્ધાત્મક એ માત્ર મનોરંજન નહીં, પણ અનિવાર્ય આવશ્યકતા

કમલમ્,

દેશના તમામ પોલીસ દળો અને અર્ધલશ્કરી દળોમાં ખેલદિલી, શારીરિક સક્ષમતા અને પરસ્પર ભાઈચારો વધારવાના ઉદ્દેશ્ય સાથે અમદાવાદના નારણપુરા સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આજે 'તૃતીય ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિન્ટન કલસ્ટર ૨૦૨૬-૨૭'નો પ્રારંભ થયો છે. ગુજરાત પોલીસની યજમાનીમાં યોજાયેલા આ રાષ્ટ્રીય કક્ષાના રમતોત્સવનો રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રાજ્ય પોલીસ દડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે ટ્રોફીઓ મેળવી ખેલાડીઓ, અધિકારીઓને આવકારતા જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસને આ રાષ્ટ્રીય કલસ્ટરની યજમાની મળી છે, જે સમગ્ર પોલીસ પરિવાર માટે ગૌરવની વાત છે. કેરળ અને ઉત્તર પ્રદેશ પોલીસે શરૂ કરેલી આ પરંપરાને આગળ ધપાવતા ૧૦ કેન્દ્રીય પોલીસ સંગઠનો, ૨૪ રાજ્યો અને ૪ કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ ૩૮ ટીમોની આ સહભાગિતા 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની વિભાવનાને જીવંત કરે છે. સ્પર્ધામાં ૨૫૧ મહિલા ખેલાડીઓ ભાગ લઈ રહી છે, જેઓ કાયદો-વ્યવસ્થાની ફરજોની સાથે રમતના મેદાનમાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહી છે એમ તેમણે ઉમેર્યું હતું. પોલીસ સેવા અને રમતનો મહત્વ વિશે વાત કરતા રાજ્ય પોલીસવડાએ ઉમેર્યું હતું કે, અનિશ્ચિત અને તણાવપૂર્ણ ફરજ વચ્ચે સ્પર્ધાત્મક પોલીસકર્મીઓને શારીરિક રીતે સુસ્ત અને માનસિક રીતે સશકત બનાવે છે. રમતો પ્રેશર દરમિયાન યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા, ધીરજ અને ટીમ ભાવના કેળવે છે, જે ફરજના મોરચે વધુ આત્મવિશ્વાસ સાથે સેવા કરવામાં મદદરૂપ થાય છે. આ સ્પર્ધાનો મૂળ હેતુ માત્ર મેડલ જીતવાનો નહીં, પરંતુ વિવિધ રાજ્યો અને દળો વચ્ચે મિત્રતા અને પરસ્પર સંકલન મજબૂત કરવાનો છે. ખેલાડીઓને પ્રોત્સાહિત કરતા શ્રી મલિકે પોતાના રાજ્ય અને દળના ગૌરવ માટે પૂરા જોશથી રમવા, વહીની ઓળખ સમા અનુશાસન સાથે અમ્પાયરોના નિર્ણયોનું સન્માન કરવા અને સાચી ખેલદિલી જાળવવા આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે રમતનો મેદાનમાં કોઈ ક્યારેય હારતું નથી; વ્યક્તિ કાંતો જીતે છે અથવા કંઈક નવું શીખે છે. તેમણે આયોજન સમિતિ, વિવિધ વ્યવસ્થાપન સમિતિઓ અને સ્વયંસેવકોની મહેનતની સરાહના કરી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. દેશભરમાંથી પધારેલા તમામ ખેલાડીઓ, ટીમ મેનેજરો, કોચ, ટેકનિકલ અધિકારીઓ અને મહાનુભાવોનું ગુજરાત પોલીસ વતી હાર્દિક સ્વાગત કરતા અધિક પોલીસ મહાનિદેશક (આર્મ્ડ યુનિટ્સ) શ્રી પિયુષ પટેલે સ્પર્ધાની રૂપરેખા રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં દેશભરમાંથી કુલ ૩૮ ટીમો ભાગ લઈ રહી છે, જેમાં બંને રમતોમાં કુલ ૧,૧૫૨ ખેલાડીઓ પોતાની રમતગમત પ્રતિભા અને કૌશલ્યનું પ્રદર્શન કરશે.

રાજ્ય પોલીસવડા દ્વારા ટુર્નામેન્ટના પ્રારંભની સત્તાવાર જાહેરાત બાદ ફ્લેગ હોસ્ટિંગ સેરેમની યોજાઈ હતી. ઉપસ્થિત તમામ ખેલાડીઓએ ખેલદિલીપૂર્વક રમવાના શપથ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે આકર્ષક સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરવામાં આવ્યો હતો. અંત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૧૯ થી ૨૪ નવેમ્બર દરમિયાન યોજાનાર આ ટુર્નામેન્ટમાં ૯૮૦ પુરુષ અને ૨૭૨ મહિલા ખેલાડીઓ સહિત ૧,૧૫૨ અધિકારીઓ અને જવાનો પોતપોતાની ટીમનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. રમતના મેદાનમાં હોદ્દા ભેદભાવ વિના ૪૬૩ ગેઝેટેડ ઓફિસર્સ અને ૬૯૯ નોન-ગેઝેટેડ ઓફિસર્સ ભભેમભળો મિલાવીને કૌશલ્ય દર્શાવશે. યજમાન ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, તેલંગાણા, કેરાલા, નાગાલેન્ડ, મેઘાલય, મણિપુર, ઝારખંડ, કર્ણાટક, હિમાચલ પ્રદેશ, છત્તીસગઢ, તમિલનાડુ, ઉત્તરાખંડ, ઓડિશા સહિતના રાજ્યો તથા વિવિધ કેન્દ્રશાસિત પ્રદેશો સહિત ઈન્ટેલિજન્સ બ્યુરો (**IB**), **CRPF, NDRF**, ઈન્ડોલેજન્સ બ્યુરો, **CISF** અને **BSF** જેવા કેન્દ્રીય અર્ધલશ્કરી દળો અને સંસ્થાઓની ટીમો આ મુકાબલાઓમાં ભાગ લઈ રહી છે. તૃતીય ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિન્ટન કલસ્ટર ૨૦૨૬-૨૭ના ઉદ્ઘાટન સમારોહમાં સીઆઈડી કાઈમ અને રેલવેઝ ડીજીપી શ્રીકે. એલ. એન રાવ, ઈન્ટેલિજન્સ બ્યુરોના એડિશનલ ડિરેક્ટર શ્રી રાજીવ આહિર, અમદાવાદ પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત, અધિક પોલીસ મહાનિદેશક (આર્મ્ડ યુનિટ્સ) શ્રી પિયુષ પટેલ, આઈજી એ ડમિનઈ શ્રી ગુગનદીપ ગુંભીર સહિત રાજ્ય પોલીસ અને તેના વિવિધ વિભાગો તથા વિવિધ રાજ્યોના પોલીસ દળોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડના તીથલ સ્વામી. મંદિરે ૨૧ ફૂટ ઊંચી નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા વિધિ મહંતસ્વામીના હસ્તે સંપન્ન

સોમવારથી સમુદ્ર કિનારે નીલકંઠ વર્ણી મહારાજની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થતા સમુદ્રના તમામ જીવોનું કલ્યાણ થાય અને આજુબાજુના ગામોમાં સત્સંગ વધેઃ મહંત સ્વામી મહારાજ

કિશોર યોગી શ્રી નીલકંઠ વર્ણી મહારાજના દિવ્ય દર્શનનો લાભ હવે પ્રવાસન ધામ તીથલ પધારતા સૌને મળશે



કમલમ્,વલસાડ,

વલસાડના સુપ્રસિદ્ધ તીર્થસ્થળ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર તીથલ ખાતે ભગવાન સ્વામિનારાયણના કિશોરસ્વરૂપ તપોમૂર્તિશ્રી નીલકંઠ વર્ણી મહારાજની ૨૧ ફૂટ ઊંચી ભવ્ય મૂર્તિનો પ્રતિષ્ઠા વિધિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના પાવન હસ્તે ભક્તિભાવ અને વૈદિક મંત્રોચ્ચાર સાથે સંપન્ન થઈ હતી. આ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે બ્રહ્મમુહૂર્તમાં વહેલી સવારે ૫:૩૦ કલાકથી મંદિર પરિસરમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો. મોટી સંખ્યામાં હરિભક્તો અને દેશ વિદેશના ૯૩૦ યજમાનોએ પ્રતિષ્ઠા મહાયજ્ઞમાં જોડાઈને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે યજ્ઞનારાયણને આહુતિઓ આપી હતી. વૈદિક મંત્રોચ્ચાર અને સંતો-હરિભક્તોના જયઘોષ વચ્ચે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ૨૧ ફૂટ ઊંચી ભવ્ય અનેદિવ્યતપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણી મહારાજની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી અને પ્રાણ પ્રતિષ્ઠાની આરતીનું અર્ઘ્ય અર્પણ કર્યું હતું. ભક્તિમય વાતાવરણમાં પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થતાં ઉપસ્થિત સંતો, હરિભક્તો અને દર્શનાર્થીઓમાં અપાર આનંદ અને ઉત્સાહની લાગણી પ્રસરી હતી. સમગ્ર મંદિર પરિસર સ્વામિનારાયણ મહામંત્ર અને શ્રી નીલકંઠ વર્ણીના જયનાદથી ગુંજી ઊઠ્યું હતું. આ પ્રસંગે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વાદ આપ્યા હતા. તપ, સેવા, ત્યાગ, સંયમ અને અડગ ભક્તિના પ્રતીક એવા કિશોર યોગી શ્રી નીલકંઠ વર્ણી મહારાજના દિવ્ય દર્શનનો લાભ હવે વલસાડના પ્રવાસન ધામ તીથલ સ્વામિનારાયણ મંદિરે પધારતા સૌ હરિભક્તો અને પ્રવાસીઓને ક્રમશી ધોરણે પ્રાપ્ત થશે. નીલકંઠ વર્ણી મહારાજની દ્રષ્ટિથી આજુબાજુના ગામોમાં સત્સંગ વધે એવા આશીર્વાદ આપ્યા હતા. સાથે સાથે નીલકંઠવર્ણી મહારાજને તપ પ્રિય છે તેથી એકાદશી જેવા વ્રત અને વિશેષ જપ તપના નિયમો લઈ એમને રાજી કરવા અને અહીં પ્રદક્ષિણા અને અભિષેક કરવાથી દરેકના શુભસંકલ્પો ફળીભૂત થશે એવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે રાજ્ય પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રાજ્ય પોલીસ દડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે ટ્રોફીઓ મેળવી ખેલાડીઓ, અધિકારીઓને આવકારતા જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસને આ રાષ્ટ્રીય કલસ્ટરની યજમાની મળી છે, જે સમગ્ર પોલીસ પરિવાર માટે ગૌરવની વાત છે. કેરળ અને ઉત્તર પ્રદેશ પોલીસે શરૂ કરેલી આ પરંપરાને આગળ ધપાવતા ૧૦ કેન્દ્રીય પોલીસ સંગઠનો, ૨૪ રાજ્યો અને ૪ કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ ૩૮ ટીમોની આ સહભાગિતા 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની વિભાવનાને જીવંત કરે છે. સ્પર્ધામાં ૨૫૧ મહિલા ખેલાડીઓ ભાગ લઈ રહી છે, જેઓ કાયદો-વ્યવસ્થાની ફરજોની સાથે રમતના મેદાનમાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહી છે એમ તેમણે ઉમેર્યું હતું. પોલીસ સેવા અને રમતનો મહત્વ વિશે વાત કરતા રાજ્ય પોલીસવડાએ ઉમેર્યું હતું કે, અનિશ્ચિત અને તણાવપૂર્ણ ફરજ વચ્ચે સ્પર્ધાત્મક પોલીસકર્મીઓને શારીરિક રીતે સુસ્ત અને માનસિક રીતે સશકત બનાવે છે. રમતો પ્રેશર દરમિયાન યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા, ધીરજ અને ટીમ ભાવના કેળવે છે, જે ફરજના મોરચે વધુ આત્મવિશ્વાસ સાથે સેવા કરવામાં મદદરૂપ થાય છે. આ સ્પર્ધાનો મૂળ હેતુ માત્ર મેડલ જીતવાનો નહીં, પરંતુ વિવિધ રાજ્યો અને દળો વચ્ચે મિત્રતા અને પરસ્પર સંકલન મજબૂત કરવાનો છે. ખેલાડીઓને પ્રોત્સાહિત કરતા શ્રી મલિકે પોતાના રાજ્ય અને દળના ગૌરવ માટે પૂરા જોશથી રમવા, વહીની ઓળખ સમા અનુશાસન સાથે અમ્પાયરોના નિર્ણયોનું સન્માન કરવા અને સાચી ખેલદિલી જાળવવા આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે રમતનો મેદાનમાં કોઈ ક્યારેય હારતું નથી; વ્યક્તિ કાંતો જીતે છે અથવા કંઈક નવું શીખે છે. તેમણે આયોજન સમિતિ, વિવિધ વ્યવસ્થાપન સમિતિઓ અને સ્વયંસેવકોની મહેનતની સરાહના કરી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. દેશભરમાંથી પધારેલા તમામ ખેલાડીઓ, ટીમ મેનેજરો, કોચ, ટેકનિકલ અધિકારીઓ અને મહાનુભાવોનું ગુજરાત પોલીસ વતી હાર્દિક સ્વાગત કરતા અધિક પોલીસ મહાનિદેશક (આર્મ્ડ યુનિટ્સ) શ્રી પિયુષ પટેલે સ્પર્ધાની રૂપરેખા રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં દેશભરમાંથી કુલ ૩૮ ટીમો ભાગ લઈ રહી છે, જેમાં બંને રમતોમાં કુલ ૧,૧૫૨ ખેલાડીઓ પોતાની રમતગમત પ્રતિભા અને કૌશલ્યનું પ્રદર્શન કરશે.

રાજ્ય પોલીસવડા દ્વારા ટુર્નામેન્ટના પ્રારંભની સત્તાવાર જાહેરાત બાદ ફ્લેગ હોસ્ટિંગ સેરેમની યોજાઈ હતી. ઉપસ્થિત તમામ ખેલાડીઓએ ખેલદિલીપૂર્વક રમવાના શપથ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે આકર્ષક સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરવામાં આવ્યો હતો. અંત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૧૯ થી ૨૪ નવેમ્બર દરમિયાન યોજાનાર આ ટુર્નામેન્ટમાં ૯૮૦ પુરુષ અને ૨૭૨ મહિલા ખેલાડીઓ સહિત ૧,૧૫૨ અધિકારીઓ અને જવાનો પોતપોતાની ટીમનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. રમતના મેદાનમાં હોદ્દા ભેદભાવ વિના ૪૬૩ ગેઝેટેડ ઓફિસર્સ અને ૬૯૯ નોન-ગેઝેટેડ ઓફિસર્સ ભભેમભળો મિલાવીને કૌશલ્ય દર્શાવશે. યજમાન ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, તેલંગાણા, કેરાલા, નાગાલેન્ડ, મેઘાલય, મણિપુર, ઝારખંડ, કર્ણાટક, હિમાચલ પ્રદેશ, છત્તીસગઢ, તમિલનાડુ, ઉત્તરાખંડ, ઓડિશા સહિતના રાજ્યો તથા વિવિધ કેન્દ્રશાસિત પ્રદેશો સહિત ઈન્ટેલિજન્સ બ્યુરો (**IB**), **CRPF, NDRF**, ઈન્ડોલેજન્સ બ્યુરો, **CISF** અને **BSF** જેવા કેન્દ્રીય અર્ધલશ્કરી દળો અને સંસ્થાઓની ટીમો આ મુકાબલાઓમાં ભાગ લઈ રહી છે. તૃતીય ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિન્ટન કલસ્ટર ૨૦૨૬-૨૭ના ઉદ્ઘાટન સમારોહમાં સીઆઈડી કાઈમ અને રેલવેઝ ડીજીપી શ્રીકે. એલ. એન રાવ, ઈન્ટેલિજન્સ બ્યુરોના એડિશનલ ડિરેક્ટર શ્રી રાજીવ આહિર, અમદાવાદ પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત, અધિક પોલીસ મહાનિદેશક (આર્મ્ડ યુનિટ્સ) શ્રી પિયુષ પટેલ, આઈજી એ ડમિનઈ શ્રી ગુગનદીપ ગુંભીર સહિત રાજ્ય પોલીસ અને તેના વિવિધ વિભાગો તથા વિવિધ રાજ્યોના પોલીસ દળોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરના GIDC ખાતે જિલ્લા કક્ષાનો 'શ્રમ સંવાદ' કાર્યક્રમ યોજાયો

શ્રમિક કલ્યાણ અને ઔદ્યોગિક વિકાસ વચ્ચે સંતુલન સાધવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પહેલ; ગુજરાત ચાર નવા લેબર કોડના અમલમાં દેશમાં અગ્રેસર

ગાંધીનગર જિલ્લા પોષણ ટાસ્ક ફોર્સની એકઝિકયુટિવ બેઠક યોજાઈ



કમલમ્, ગાંધીનગર

જિલ્લામાં આરોગ્ય અને પોષણલક્ષી સેવાઓને વધુ સુદ્રઢ અને પરિણામલક્ષી બનાવવાના હેતુથી જિલ્લા પોષણ ટાસ્ક ફોર્સની એકઝિકયુટિવ બેઠક જિલ્લા વિકાસ અધિકારીશ્રી દિગંત બ્રહ્મભટ્ટના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં ડીડીઓશ્રીએ માતા મરણના દરેક કેસની ગંભીરતાપૂર્વક સમીક્ષા કરીને સંપૂર્ણ જવાબદારી સાથે કામગીરી કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો. સાથોસાથ, ગંભીર કુપોષિત બાળકોને CMTC ખાતેદાખલ કર્યા બાદ તેમની સારવાર અને આરોગ્યમાં થયેલા સુધારાનું થર્ડ પાર્ટી દ્વારા રિવ્યૂ કરાવવા માટે સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. તાલુકા કક્ષાની કામગીરીમાં પારદર્શિતા અને ચોકસાઈ જળવાય તે માટે તમામ THOને પોતાના તાલુકાના CM ડેશબોર્ડમાં તમામ ડેટા તાત્કાલિક અપડેટ કરવા આદેશ અપાયો હતો. આ ઉપરાંત, ટીબી નોટિફિકેશન અને દર્દીઓને સમયસર સારવાર ઉપલબ્ધ કરાવવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. જે દર્દીઓ સારવાર લેવા કે હોસ્પિટલમાં દાખલ થવા માટે ખચકાટ અનુભવતા હોય, તેમનું સતત ફોલોઅપ કરી તેમને સારવાર માટે પ્રેરિત કરવા અને નિયમોનુસાર સારવાર સુનિશ્ચિત કરવા તેમણે સૂચન કર્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી દ્વારા તમામ THOને પોતાના તાલુકામાં દરેક કેડરના કર્મચારીઓની ફરજ ગીરીનું દૈનિક રોજેજ રૂબરૂ ફિઝિકલ મોનિટરિંગ કરવા કડક સૂચના આપવામાં આવી હતી તેમજ જિલ્લા પંચાયત કક્ષાએ DMPCC દ્વારા પણ સમગ્ર કામગીરીની નિયમિત સમીક્ષા કરવામાં આવશે તેમ જણાવાયું હતું. બેઠકના અંતે માતા અને બાળ આરોગ્ય, કુપોષણ નિયંત્રણ, ટીબી નાબૂદી, સમયસર સારવાર અને ફિલ્ડ લેવલ મોનિટરિંગને સર્વાંચ્ય પ્રાથમિકતા આપી તમામ અધિકારીઓને જવાબદારીપૂર્વક અને પરિણામલક્ષી કામગીરી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ મહત્વપૂર્ણ બેઠકમાં આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિત તમામ તાલુકા આરોગ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ભરૂચ જિલ્લામાં વિકસિત ભારત યંગ લિડર્સ ડાયલોગ અંતર્ગત જિલ્લા કક્ષા ચેલેન્જ ટ્રેક સ્પર્ધા યોજાઈ

કમલમ્, ભરૂચ

વિકસિત ભારત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર દ્વારા પ્રેરિત ક્રમિકનગરી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા આયોજિત તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ભરૂચ દ્વારા સંચાલિત વિકસિત ભારત યંગ લિડર્સ ડાયલોગ ૨૦૨૬ અંતર્ગત ભરૂચ જિલ્લા કક્ષા ચેલેન્જ ટ્રેક સ્પર્ધા, સરકારી જિલ્લા પુસ્તકાલય, ભરૂચ ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં VBYLD 2027 અંતર્ગત Essay Roundમાં ભરૂચ જિલ્લામાંથી પસંદગી પમેલ યુવક યુવતીઓએ ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રીમતિ મીતાબેન આર. ગવલી ભરૂચ તથા શ્રી સૌરભકુમાર રાણા, પ્રાંત યુવા વિકાસ અધિકારી, ભરૂચ દ્વારા હાથ ધરવામાં આવેલ હતું. આ સ્પર્ધા માંથી ૬ યુવક-યુવતીઓ જાગ્રિતિ શિવાનંદ શુક્લા, નતાશા પૉલ, આયશા પટેલ, કોનિકા કાર, હર્ષ હિરલભાઈ પટેલ અને અંકીત કુમાર ની પસંદગી કરવામાં આવેલ છેજે ગુજરાત રાજ્ય કક્ષાએ ભરૂચ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ કાર્યક્રમમાં જ્યુરી અધ્યક્ષ તરીકે શ્રી આર. એમ. જોલંધરા, નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ અઅેજન્સી, ભરૂચ તથા જ્યુરી મેમ્બર તરીકે શ્રી રાજનસિંહ ગોહિલ-જિલ્લા રમત વિકાસ અધિકારી, ભરૂચ, શ્રી નિતિન ટેલર-ફાઉન્ડર & સી.ઈ.ઓ. સર્વ હેપ્પીનેશ ફાઉન્ડેશન, ભરૂચ, શ્રી દિવ્યજીતસિંહ ઝાલા- આચાર્યશ્રી, રૂંગટા વિદ્યાભવન, ભરૂચ તથા શ્રી પ્રવિણ પટેલ, આચાર્યશ્રી, એકલવ્ય સાધના ઉત્તર બુનિયાદી વિદ્યાલય, થવાએ સેવાઓ આપી હતી.

સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા વિવિધ કાર્યક્રમોની પૂર્વતૈયારીના ભાગરૂપે ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

સમગ્ર જીલ્લા માં આવેલા વિધાનસભા માં આગામી ૨૨મી નવેમ્બરે એક સાથે સ્નેહ મિલન સમારોહ,૨૬મી નવેમ્બરે સંવિધાન ગૌરવ દિવસ, ના કાર્યક્રમ યોજાશે.



કમલમ્ બારડોલી

સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજિત આગામી દિવસોમાં આવનારા વિવિધ કાર્યક્રમોના આયોજન અને વ્યવસ્થાઓને લઈને આજરોજ શ્રી કમલમ સુરત જિલ્લા કાર્યાલય બારડોલી ખાતે જીલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડ ની અધ્યક્ષસ્થાને અને મહામંત્રી રોહિતભાઈ પટેલ ની ઉપસ્થિતિમાં ઉપસ્થિતિમાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન આગામી સ્નેહ મિલન સમારોહ, સંવિધાન ગૌરવ દિવસના આયોજન, વ્યવસ્થાઓ અને સંગઠનના કાર્યક્રો વચ્ચે સંકલન અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.જેમાં સમગ્ર જીલ્લા માં આવેલા વિધાનસભા માં આગામી ૨૨ મી નવેમ્બરે એક સાથે સ્નેહ મિલન સમારોહ, ૨૬મી નવેમ્બરે સંવિધાન ગૌરવ દિવસ, ના કાર્યક્રમ યોજાશે. આ બેઠકમાં જિલ્લાના તમામ મંડળ ના હોદેદારો, પદાધિકારીઓ, અપેક્ષિત કાર્યકર્તાઓ સહિત સંગઠનના હોદેદારો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને સરપંચશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે રૂ. ૪ કરોડના ખર્ચે જસદણ તાલુકાના બે માર્ગોના રીસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત



કમલમ્, રાજકોટ

ગ્રામ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે જસદણ તાલુકામાં રૂ. ૪ કરોડના ખર્ચે બે માર્ગોના રીસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ હાથ ધરાનારા આ કામોથી ગ્રામ્ય વિસ્તારના માર્ગ પરિવહનને વધુ સુવિધાજનક બનાવવાની સાથે સ્થાનિક વિકાસને નવી ગતિ મળશે.

આ પ્રસંગે મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોમાં પાકા રસ્તાઓ અને પુલોના નિર્માણથી પરિવહન વ્યવસ્થા વધુ સુગમ બની છે.

ગુણવત્તાસભર રસ્તાઓને કારણે લોકોના સમયની બચત થાય છે, અવરજવર સરળ બને છે અને ગ્રામ્ય વિસ્તારના વિકાસની સાથે નાગરિકોની સુખાકારીમાં પણ વધારો થાય છે.

આરોગ્ય, શિક્ષણ, પીવાનું પાણી અને પરિવહન જેવી પાયાની સુવિધાઓનો લાભ છેવાડાના નાગરિકો સુધી પહોંચાડવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે, તેમ જણાવતાં મંત્રીશ્રીએ જસદણ-વિછીયા પંથકમાં સૌની યોજનાની પ્રગતિ તેમજ આરોગ્ય કેન્દ્રો, શાળા-કોલેજોના નિર્માણ સહિત વિવિધ વિકાસકાર્યોની વિગતો આપી હતી.

આજે ખાતમુહૂર્ત કરવામાં આવેલા માર્ગોના કામ અંતર્ગત મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ. ૨૦૦ લાખના ખર્ચે બોધરવદર–બેડલા રોડનું રીસર્ફેસિંગ કરવામાં આવશે.

તેમજ રૂ. ૨૦૦ લાખના ખર્ચે ભંડારીયા–હડમતીયા રોડનું પણ પુનર્નિર્માણ કરવામાં આવશે. આમ, કુલ રૂ. ૪૦૦ લાખના ખર્ચે બંને માર્ગોનું નવીનીકરણ હાથ ધરાશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્યશ્રી મુકેશભાઈ મેર, તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, આસપાસના ગામોના સરપંચશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગના શ્રી રાઠોડ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપાના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લાના વાપી ખાતે પદયાત્રા યોજાઈ

પદયાત્રા દરમિયાન કોંગ્રેસ દ્વારા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) અંગે જનતામાં ભ્રમ અને ગેરસમજ ફેલાવવાના તથા તેમજ અશાંતિ અને અરાજકતાનું વાતાવરણ ઊભું કરવાના કુપ્રયાસોને ભાજપે વખોડ્યા।



કમલમ્,

ભાજપાના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લાના વાપી ખાતે પદયાત્રા યોજાઈ. આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, શ્રી રમણભાઈ સોલંકી, પ્રદેશ મહામંત્રીશ્રી ડૉ. પ્રશાંતભાઈ કોરાટ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા, જિલ્લા ભાજપ પ્રભારી શ્રી વિનયભાઈ શુક્લ સહિત સંગઠનના વિવિધ હોદ્દેદારો, આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પદયાત્રા માં લોકશાહી મૂલ્યો, બંધારણીય વ્યવસ્થા અને જનતાના અધિકારોની રક્ષા માટેના સંકલ્પને વધુ દ્રઢ બનાવવામાં આવ્યો હતો. પદયાત્રા દરમિયાન કોંગ્રેસ દ્વારા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અંગે જનતામાં ભ્રમ અને ગેરસમજ ફેલાવવાના તથા તેમજ અશાંતિ અને અરાજકતાનું વાતાવરણ ઊભું કરવાના કુપ્રયાસોને વખોડી કાઢવામાં આવ્યા હતાં. લોકશાહીની ગરિમા જાળવવા, બંધારણીય સંસ્થાઓનું સન્માન કરવા અને જનતાના અવાજને બુલંદ બનાવવા માટે સૌનો સંગઠિત પ્રયાસ જરૂરી છે ત્યારે લોકશાહી પ્રક્રિયાઓ અંગે તથ્યઆધારિત જાગૃતિ ફેલાવી ભ્રમ ફેલાવવાની કોંગ્રેસની રાજનીતિનેખુલ્લી પાડી બંધારણીય વ્યવસ્થા અને લોકશાહી મૂલ્યોને મજબૂત બનાવવાનો સંદેશ આ કાર્યક્રમના માધ્યમથી આપવામાં આવ્યો હતો.

કાર્યકર્તાઓએ લોકશાહી મૂલ્યોની જાળવણી અને જનતાના અધિકારોના રક્ષણ માટે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાની અધ્યક્ષતામાં જસદણ ખાતે તાલુકા સંકલન બેઠક યોજાઈ

સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ મહત્તમ જરૂરિયાતમંદ લાભાર્થીઓ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માર્ગદર્શન આપતા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા।



કમલમ્, રાજકોટ,

રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને જસદણ સેવા સદન ખાતે જસદણ અને વિછીયા તાલુકાની સંકલન બેઠક યોજાઈ હતી.

બેઠકમાં મંત્રીશ્રીએ નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવતા ઉપસ્થિત પદાધિકારીઓ અને અધિકારીઓને સંકલન અને સહકારથી કામગીરી કરી જનહિતના પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ વધુમાં વધુલોકો સુધી પહોંચે અને ખાસ કરીને જરૂરિયાતમંદ લાભાર્થીઓ યોજનાના લાભથી વંચિત ન રહે તે માટે જરૂરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું. સંકલન બેઠક દરમિયાન પ્રાંત અધિકારી શ્રી આર. આર. ખાંભરાએ વિચરતી-વિમુક્ત જાતિના લોકોને પ્લોટ અને આવાસની ફાળવણી, વૃદ્ધો, ગંગાસ્વરૂપા બહેનો અને નિરાધાર વ્યક્તિઓને સહાય, સ્માર્ટવિલેજ સહાય, ઘેલા સોમનાથ મંદિર પરિસરનો વિકાસ તેમજ વિવિધ વિસ્તારોમાં ચાલી રહેલ શાળા, કોલેજ અને આરોગ્ય કેન્દ્રોના કામોની પ્રગતિ સહિતની જરૂરી વિગતો જાણી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું, સંકલન બેઠક દરમિયાન પ્રાપ્ત અધિકારી શ્રી આર. આર. ખાંભરાએ વિચરતી-વિમુક્ત જાતિના લોકોને પ્લોટ અને આવાસની ફાળવણી, વૃદ્ધો, ગંગાસ્વરૂપા બહેનો અને નિરાધાર વ્યક્તિઓને સહાય, સ્માર્ટવિલેજ સહાય, ઘેલા સોમનાથ મંદિર પરિસરનો વિકાસ તેમજ વિવિધ વિસ્તારોમાં ચાલી રહેલ શાળા, કોલેજ અને આરોગ્ય કેન્દ્રોના કામોની પ્રગતિ સહિતની જરૂરી વિગતો જાણી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું, સંકલન બેઠક દરમિયાન પ્રાપ્ત થયેલા તમામ મુદ્દાઓની સમીક્ષા કરી સંબંધિત વિભાગના અધિકારીઓને ચાલી રહેલી કામગીરી સમયમર્યાદામાં અને ગુણવત્તા સાથે પૂર્ણ કરવા જરૂરી સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં જસદણ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ભાવનાબેન વેકરિયા, વિછીયા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી જનકબેન, પંચાયતના સભ્યો, અગ્રણી શ્રી ચંદ્રીતભાઈ રામાણી, એ.એસ.પી. શ્રી નવીન ચકવર્તી, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તેમજ માર્ગ અને મકાન, આરોગ્ય, શિક્ષણ, વાહન વ્યવહાર સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સફળતાનો આધાર માત્ર ડિગ્રી નહીં પણ જીવનનો આનંદ અને સકારાત્મક અભિગમ છે: મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા









કમલમ્, વડનગર

ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ વડનગર ખાતેની જી.એમ.ઈ.આર.એસ (GMERS) જનરલ હોસ્પિટલની મુલાકાત લઈ આરોગ્યલક્ષી સેવાઓની સમીક્ષા કરીહતી. આ મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ હોસ્પિટલના વિવિધ વિભાગોનું નિરીક્ષણ કર્યું હતું અને ત્યાં સારવાર લઈ રહેલા દર્દીઓને મળતી સુવિધાઓ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. કાર્યક્રમના ભાગરૂપે તેમણે હોસ્પિટલના વિવિધ વિભાગોના વડાઓ સાથે એક બેઠક યોજી હતી, જેમાં તેમણે આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે જરૂરી સૂચનાઓ આપી યોગ્ય માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

હોસ્પિટલની મુલાકાત બાદ મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયા એ વડનગર મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ સાથે 'નમો મેત્રી સંવાદ' કાર્યક્રમ અંતર્ગત સીધો સંવાદ સાધ્યો હતો. આ પ્રેરણાદાયી સંવાદ દરમિયાન તેમણે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે મેડિકલ ક્ષેત્રમાં પ્રવેશ મેળવનાર દરેક વિદ્યાર્થી સમાજનો લાડકો દીકરો કે દીકરી છે, જેમણે પોતાની સખત મહેનત દ્વારા આ પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત કર્યું છે. મંત્રીશ્રીએ ભાવિ તબીબોને શિક્ષા મણ આપતા કહ્યું હતું કે અભ્યાસ કે જીવનની શ્રેષ્ઠ પણ પરિસ્થિતિમાં ક્યારેય ટેન્શન લેવું જોઈએ નહીં.

મનનું શાંત રાખવું અને વિચારસરાનું સકારાત્મક રાખવીએ જ જીવનમાં સાચી સફળતા અને પરમાનંદ મેળવવાની ગુરુચાવી છે. પોતાના વકતવ્યમાં શ્રી પાનસેરીયાએ ભારતીય સંસ્કૃતિ અને કર્મના સિદ્ધાંત પર ભાર મૂકતા જણાવ્યું હતું કે વ્યક્તિએ કરેલું કોઈપણ કર્મ ક્યારેય વ્યર્થ જતું નથી. તેમણે વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું કે બીજાનું ભલું કરવાથી અને સન્માન આપવાથી હંમેશા સારા પરિણામો પ્રાપ્ત થાય છે, જ્યારે કોઈને દુખ પહોચાડવાથી ક્યારેય કોઈનું કલ્યાણ થતું નથી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે સાચી સફળતા માત્ર ડિગ્રી, વ્યવસાય કે ભૌતિક સુખ-સુવિધાઓમાં નથી, પરંતુ વ્યક્તિ પોતાના જીવનમાં કેટલી ખુશી અનુભવે છે તેના પર નિર્ભર છે. અંતમાં મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના આત્મસાત કરી સમાજ અને સહપાઠીઓ પ્રત્યે સૌહાર્દપૂર્ણ વ્યવહાર રાખવા આહ્વાન કર્યું હતું. તેમણે ભગવદ્ ગીતાના ૧૮ અધ્યાયના મહત્વને સમજાવતા કહ્યું હતું કે ગીતાના સારને સમજવાથી જીવનની અનેક મુશ્કેલીઓ આપોઆપ શમી જાય છે અને વ્યક્તિ સ્થિતપ્રજ્ઞ બની શકે છે. પરીક્ષામાં આવતી અડચણો કે નિષ્ફળતાથી ડર્યા વગર તેનો શાંતિથી સામનો કરવાની સલાહ આપતા મંત્રીશ્રીએ તમામ મેડિકલ વિદ્યાર્થીઓ પર ગર્વ વ્યક્ત કરી તેમના ઉજ્જવળ ભવિષ્યની કામના કરી હતી.

આ મુલાકાત દરમિયાન મેડિકલ કોલેજના ડીન, હોસ્પિટલના તબીબી અધિક્ષક તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી સહિત સંલગ્ન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028